## નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતના NSS વિભાગ દ્વારા
## ૨૦૧૫–૧૬ના વર્ષમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ

૧. તા.૧૫/૭/૨૦૧૫ પ્રવેશ ફોર્મ ભરાવ્યા એફ.વાય.બી.એ.
૨. તા.૧૧/૬/૨૦૧૫ થી તા.૧૩/૬/૨૦૧૫ દરમ્યાન જે.બી.ધારૂકાવાલા આર્ટ્સ કોલેજમાં વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત યુનિવર્સિટી અને જિલ્લા લેવલના વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો.
૩. તા.૨૭/૭/૨૦૧૫ના રોજ મતદાન જાગૃતિ અભિયાન હેઠળ કલેકટર કચેરી સુરત મીટીંગમાં પ્રા.ડૉ.નયનાબેન પટેલે હાજરી આપી.
૪. તા.૩૧/૭/૨૦૧૫ 'ગુરુ પૂર્ણિમા'ની ઉજવણી નિમિત્તે પી.ટી.મહિલા કોલેજના પૂર્વ આચાર્યા ડૉ. ઈન્દિરાબેનનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું.
૫. તા.૧/૮/૨૦૧૫ ના રોજ યુનિવર્સિટી એન.એસ.એસ. વિભાગના કો.ઓર્ડિનેટર ડૉ. માલવિયા સાહેબનું એન.એસ.એસ. અંગેનું પ્રારંભિક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.
૬. તા.૩/૮/૨૦૧૫ ના રોજ વ્યસન મૂકિત માટે આલ્કોહોલિકસ એનોનીમસ સંસ્થા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
૭. તા.૫/૮/૨૦૧૫ના રોજ ગોપીપુરા, સુરત રકતદાન કેન્દ્રના ઉપક્રમે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૫ યુનિટ રકત એકત્ર થયું હતું.
૮. તા.૧૨/૮/૨૦૧૫ના રોજ સામુદાયિકધારા અંતર્ગત દેશભકિત ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
૯. તા.૧૨/૮/૨૦૧૫ના રોજ 'યુવા દિવસ' તરીકેની ઉજવણી કરવામાં આવી. આચાર્યા ડૉ. જયોતિબેન નાયકે વિદ્યાર્થીઓને 'યુવાદિવસ' અંગે માહિતી આપી વિદ્યાર્થીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવી.
૧૦. તા.૭/૮/૨૦૧૫ના રોજ યુનિવર્સિટી ખાતે સ્ત્રી સશકિતકરણ અંગેના સેમિનારમાં ૫૦ જેટલી વિદ્યાર્થીનીઓ તથા પ્રા.ડૉ.નયનાબેન પટેલ, પ્રા.ડૉ.સાધનાબેન પટેલે ભાગ લીધો.
૧૧. તા.૧૫/૮/૨૦૧૫ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે 'ધ્વજવંદન'ના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો હાજર રહયા હતા.
૧૨. તા.૨૦/૮/૨૦૧૫ થી તા.૨૬/૮/૨૦૧૫ દરમ્યાન જીલ્લાકક્ષાના એન.એસ.એસ.નો કેમ્પ ધરમપુર બરૂમાળમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિદ્યાર્થી ભાવેશ પટેલ અને ઉમેશ જોશીએ ભાગ લીધો હતો.
૧૩. તા.૩/૯/૨૦૧૫ના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે પી.આર.ડી.કેમ્પમાં વિદ્યાર્થી ભાવેશ પટેલે ભાગ લીધો હતો.